જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૨/૨૦૨૨ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૩૨૧/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૫/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫ | ૧,૭૩,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | 00 | 00/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩૦ કેસ કરી, ૧૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૩ લીટર દેશી દારૂ, ૧૫૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૧ કાર, ૨ મોટર સાયકલ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૪/૨૦૨૨**

**માધવપુરાઃ** ભાવિક અશોકભાઇ ચૌહાણ (રહે. કર્ણાજી કસ્તુરજી કમ્પાઉન્ડ લીલામણી કોમલેક્ષ સામે લીમડા સર્કલ પાસે દીલ્લી દરવાજા બહાર માધવપુરા) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૧૨/૨૦૨૨ રાતના ૧૧/૦૦ થી તા.૨૪/૧૨/૨૦૨૨ કલાક ૩/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન દિલ્લી દરવાજા લીમડા ચોક કર્ણાજી કસ્તુરજી કમ્પાઉન્ડમાં દેવ એન્ટરપ્રાઇઝ નામની પોતાની દુકાનમાંથી મોબાઇલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પુષ્પાબહેન ભાવેશભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** મહેશકુમાર છગનલાલ ડોડીયા (રહે. આનંદ ફ્લેટ મંગલમ ફ્લેટ સામે બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૨ બપોરના ૧/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૨,૨૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ઝુટવી લઈ જવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૫/૨૦૨૨**

**ગાયકવાડ હવેલીઃ** પ્રતાપસિહ છોટુભાઇ રાવત (ઉ.વ.૩૫) (રહે. કોમલ એન્કલેવ શાંતિવન પાલડી) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧૨/૨૦૨૨ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે જમાલપુર સોમનાથ ભુદરની ગલીના ચાર રસ્તા પાસે એક પુરૂષ પ્રતાપસિહ રાવતના હાથમાંથી મોબાઇલ કિમત રૂપિયા ૩૫,૯૯૯/- ઝુટવી લઈ નાસી ગયો હતો. તેમજ અન્ય બીજો પુરૂષ પ્રતાપસિહ રાવતના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેચી લઈ બન્ને પુરૂષ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.ડામોર ચલાવે છે.

**નવરંગપુરાઃ** હર્ષદભાઇ અમરસિંહભાઇ મહેતા (ઉ.વ.૪૮) (રહે. ટાઇમ્સ સ્કવેર વિલા વિ.કે.પટેલ ગ્રાઉન્ડ ભાવેશ્વરનગર લાલ ટેકરી તા-ભુજ જી-કચ્છ) તા.૨૫/૧૨/૨૦૨૨ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે પત્ની સાથે નવરંગપુરા સી.જી.રોડ ગીરીશ કોલ્ડ્રીંક્સ ચાર રસ્તા પાસે આવેલ મીની-શો નામની દુકાન સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ટુ વ્હીલર પર આવેલ બે પુરૂષ હર્ષદભાઇ મહેતાની પત્નીના ખભા પર લટકાવેલ પર્સ ઝુટવી લઈ નાસી ગયા હતા. પર્સમાં સોનાની અલગ-અલગ ગ્રામની ૭૦ ગ્રામ લગડીઓ કિમત રૂપિયા ૩,૫૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ હર્ષદભાઇ મહેતા એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

## ત્યજી દિધેલ શિશુ મળી આવવા બાબતઃ- સમાચાર યાદી નં.૨૩૨૬/૨૦૨૨

**ઘાટલોડીયાઃ** તા.૨૫/૧૨/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા નરનારાયણ મેદાનની દિવાલ પાસે અવાવરૂ જગ્યાએથી તાજુ જન્મેલ ત્યજી દિધેલ શિશુ મૃત હાલતમાં મળી આવતા ઘાટલોડીયા પોલીસે અજાણી વ્યક્તિ વિરોધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

## અપમૃત્યુઃ- સમાચાર યાદી નં.૨૩૨૭/૨૦૨૨

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર ગણેશ જેનીસિસ ખાતે રહેતા હર્ષવધન સ/ઓ અતુલ માળવી (ઉ.વ.૧૫) (મુળવતન. સોમવાર વોર્ડ તાંબાઘાટ માલેગાંવ જેલ્લો- નાસિક મહારાષ્ટ) તા.૨૫/૧૨/૨૦૨૨ કલાક ૧/૧૫ વાગ્યાના સુમારે રહેણાંકના બ્લોકમાં આગ લાગતા બ્લોકમાં ધુમાડો પ્રસરી જવાથી સીડી વાટે ઝડપથી નીચે ઉતરતા પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવીલ હોસ્પીટલ લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશકુમાર મંગુભાઈ ચલાવે છે.

**નિકોલઃ** સુભાષભાઈ જ્યોતિભાઈ અમલીયાર (ઉ.વ.૪૧) (મુળ વતન. ગામ-સાગડાપાડા તાલુકો-ફતેપુરા જી-દાહોદ) તા.૨૫/૧૨/૨૦૨૨ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ટ્રેડ સેન્ટર સાઈટ ઉપર ત્રીજા માળે પાણીની પાઇપ લઈ ઉપર ચડતા ત્રીજા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને ઓઢવ સી.યુ.એસ.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે નીકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ જગમલભાઈ સુકાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૨૮/૨૦૨૨</u>**

**રામોલઃ** વસીમ સ/ઓ હુસેનભાઇ શેખ (ઉ.વ.૨૧) (રહે.જનતાનગર તલાવડી રામોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૪/૧૨/૨૦૨૨ રાતના ૯/૦૦ થી ૧૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. હે.કો.શ્રી વિજયસિંહ પર્વતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી